# રાજ્યમાં રેકોર્ડ બ્રેક દર્દી સાજા થયા

અમદાવાદ, તા. ૧૧
રાજ્યમાં કોરોના વાયસના વેક્સીનેશનની વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. રાજ્યમાં આજે વિક્રમજનક ૧૫૧૯૮ કુલ દર્દી સાજા થઈને ઘરે પરત ગયા છે, જ્યારે કુલ ૧૦,૯૯૦ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં સતત ઘટી રહેલા કેસના કારણે અમદાવાદ અને સુરતની હાલત સામાન્ય થઈ રહી છે. આ બંને શહેરોમાં સૌથી વધુ કેસ છેલ્લા કેટલાક દિવસોથી નોંધાઈ રહ્યા હોવાના કારણે સરકાર ચિંતિત હતી.

આજે રસીકરણની સંખ્યામાં પણ વધારો થયો છે જ્યારે મોતની સંખ્યા ઘટી છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૧૨૭, સુરતમાં ૧૦૫૫, વડોદરામાં ૧૦૯૩, મહેસામામાં ૪૧૮, રાજકોટમાં ૫૫૩, જામનગર ૫૦૧૬, મહીસાગરમાં ૨૫૫, જૂનાગઢમાં ૪૭૩, અમરેલીમનાં ૨૧૨, બનાસકાંઠામાં ૨૧૨, ખેડામાં ૧૯૮, પંચમહાલમાં ૧૮૩, કચ્છમાં ૧૮૧ કેસ નોંધાયા છે

જ્યારે ગીરસોમનાથમાં ૧૮૦, અરવલ્લીમાં ૧૬૬, દાહોદમાં ૧૫૮, ગાંધીનગરમાં ૧૫૭, ગાંધીનગરમાં ૨૭૩, સાબરકાંઠા ૧૪૯, પાટણ ૧૪૫, ભરૂચ ૧૪૨, ભાવનગરમાં ૩૬૪, નવસારીમાં ૧૦૬, વલસાડમાં ૧૦૬, દેવભૂમિ દ્વારકામાં ૯૮, નર્મદામાં ૯૬, સુરેન્દ્રનગરમાં ૯૧, તાપીમાં ૫૯, મોરબીમાં ૫૧, છોટાઉદેપુરમાં ૪૮, પોરબંદરમાં ૪૩, બોટાદમાં ૩૪, ડાંગમાં ૧૦ મળીને કુલ ૧૦,૯૯૦ કેસ નોંધાયા છે.

રાજ્યમાં આજે કુલ ૧૧૮ દર્દીનાં મૃત્યુ થયા છે, જેમાં અમદાવાદ શહેરમાં ૧૭, સુરત શહેરમાં ૮, વડોદરા શહેરમાં ૬, વડોદરા જિલ્લામાં ૪, મહેસાણા ૬, રાડકોટ શહેરમાં ૬, જામનગર શહેરમાં ૭, સુરત જિલ્લામાં ૫, જૂનાગઢ જિલ્લામા ૬, રાજકોટ જિલ્લામાં ૫, કચ્છમાં ૫, જામનગર જિલ્લામાં ૪, મોતનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં ૦-૩ સુધીનાં મોત મળીને કુલ ૧૧૮ દર્દીનાં આજે નિધન થયા છે.

## રાજ્ય માટે રાહતના સમાચાર : રાજ્યમાં નવા કેસો કરતા સાજા થવાની સંખ્યા વધુ : નવા કેસો ૧૦૯૯૦ નોધાયા : ૨૪ કલાકમાં ૧૧૮ દર્દીના કોરોનાથી મોત

રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. હાલમાં રાજ્યમાં કુલ ૧,૩૧,૮૩૨ એક્ટિવ કેસ છે. આ પૈકીના કુલ ૭૯૮ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧,૩૧,૦૩૪ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં કુલ ૫,૬૩,૧૩૩ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે જ્યારે કુલ ૮,૬૨૯ દર્દીનાં મૃત્યુ થયા છે. દરમિયાન આજે રાજ્યમાં કુલ ૨,૧૮, ૫૧૩ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. આ રસ મળીને કુલ અત્યાર સુધીમાં ૧,૪૩,૭૯,૩૬૫ વ્યક્તિને પ્રથમ અને બીજા ડોઝનું મળીને રસી કરણ કરવામાં આવ્યું છે.

## કોરોના કોર્નર

- અમેરિકામાં ૧૨ થી ૧૫ વર્ષના બાળકો માટે 'ફાઈઝર'ની કોરોના વેક્સિનને મંજુરી.
- રાજકોટમાં મ્યુકર માઈકોસીસના ૨૫ કેસ.
- ગુજરાતમાં કોરોના કરફ્યુની મુદત ૨૦ સુધી લંબાવાશે.
- કોરોના વાયરસનો ભારતીય સ્ટ્રેઈન અતિશય ખતરનાક છે : WHO
- બનાસકાંઠા જિલ્લો રસીકરણમાં આખા દેશમાં પહેલા નંબરે, ૯૮ ટકા લોકોએ રસી લીધી.
- સૌરાષ્ટ્રમાં સંક્રમણ વધતાં સુરતથી ચાર્ટડ પ્લેનમાં તબીબો અને દવાઓ પહોંચાડાઈ.
- ભાજપના સાંસદ રાજીવપ્રતાપ રૂડીની પોલ ખોલનાર પૂર્વ સાંસદ પપ્પુ યાદવની ધરપકડ.
- મહેસાણાના વડસ્મા ગામે ૧ પણ ટેસ્ટીંગ કીટ પહોંચી નથી ગામમાં ૫૦ થી વધુના કોરોનાથી મૃત્યુ.
- નાગાલેન્ડમાં ૭ દિવસનું લોકડાઉન જાહેર થયું.
- ઝાયડસ કેડિલા દ્વારા 'વિરફીન' સીંગલ ડોઝ થેરાપી બજારમાં મુકાઈ.
- શાહી ઈમામે દેશના મુસ્લિમ બિરાદરોને 'ઈદ ઉલ ફીત્ર'ની નમાઝ ઘરેથી અદા કરવા આદેશ આપ્યો છે.
- કોરોના વેક્સિનની ફોર્મ્યુલા અનેક ઉત્પાદકોને જણાવવી જોઈએ જેથી ઉત્પાદન વધારી દેશને બચાવી શકાય.

## જન્મદિને વધામણી


હેતાંક્ષી પરેશકુમાર ભાવસાર
બાયડ


અમન પંકજભાઈ પટેલ
અરજણવાવ, તા.બાયડ


મનિષાબેન અલ્કેશભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
(એ-૩૮, શિવ વિલા સોસાયટી)
મોડાસા, જિ.અરવલ્લી


દિપ વિમલભાઈ પટેલ
(પાટીદાર)
(સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨)
બાયડ (ગાબટ)


ડૉ. રસિકભાઈ ગાંધી
ગાબટ (સાકરીયા)


મુકેશભાઈ પરમાર
સાઠંબા, તા.બાયડ

# અરવલ્લી એલ.સી.બી.ના વહીવટદારોએ કોરોનાકાળમાં દારૂનાં નવાં સ્ટેન્ડ શરૂ કરાવ્યાની લોકચર્ચા

## વામન કદનો વહીવટદાર પોલીસ બેડામાં ભારે ચર્ચામાં..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧
દારૂના વેપલામાં સંડોવાયેલી અરવલ્લી એલ.સી.બી. ટીમનું વિસર્જન પછી પણ કહેવાય છે કે ફરીથી અગાઉ જેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. અરવલ્લી એલ.સી.બી.ના વહીવટદારોએ કોરોનાકાળમાં દારૂનાં નવાં સ્ટેન્ડ ફરજીયાત શરૂ કરાવ્યાની લોકચર્ચાએ ચકચાર જગાવી છે. ઉચ્ચ અધિકારીઓ પોતે કહે તેમજ કરી રહ્યા છે તેવી શેખી હાંકતા વામન કદનો વહીવટદાર પોલીસ બેડામાં ભારે ચર્ચામાં છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા કોરોનાના કપરા કાળમાં તમામ ધંધા-રોજગાર ઠપ્પ છે ત્યારે દારૂનાં નવાં સ્ટેન્ડ શરૂ થયાની ગરમા ગરમ લોકચર્ચામાં કોઈ તથ્ય છે કે કેમ..?? તેની તપાસ કરાવવી જોઈએ.

પોલીસ વિભાગમાં પણ રાજકારણની જેમ નિષ્ઠાવાનનું કામ નથી. મોટા વહીવટ કરી ઉપરી અધિકારીઓને માંડ સમિતિ ૫૦ થી ૬૦ ટકા આવક બતાવી પોતાનું કલ્યાણ કરનારા ખાખી વર્દીધારીઓનું લીસ્ટ મોટું છે. બૃહદ સાબરકાંઠા જિલ્લામાં વહીવટદાર તરીકે નામના મેળવનારા અનેક પોલીસ કર્મીઓ આજે કરોડોની સંપત્તિમાં આળોટી રહ્યા છે. પોલીસ ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા હોવા છતાં તેઓ ક્યારેય પણ ખાખી વર્દીમાં જોવા મળતા નથી અને વહીવટ કરવા જાય એટલે કોઈના લગ્નમાં કે ફંક્શનમાં જતા હોય તે રીતે ટી-શર્ટ અને જીન્સ પહેરીને પહોંચી જતા હોય છે. અરવલ્લી પોલીસ વડાએ અગાઉ અરવલ્લી એલ.સી.બી. પી.આઈ., આર. કે. પરમાર ઉપર જે આંધળો વિશ્વાસ મૂક્યો હતો તેનું પરિણામ શું આવ્યું તે જગજાહેર છે. ખુદ દારૂના વેપારમાં સામેલ હોવાનું બહાર આવ્યા પછી પોલીસ મોઢું સંતાડતી થઈ ગઈ છે.

નવનિયુક્ત પોલીસ વડાએ એલ.સી.બી., એસ.ઓ.જી.માં સાફસફાઈ કર્યા પછી કહેવાય છે કે વહીવટદારો ફરીથી પોતાના આકાઓની ભલામણથી મલાઈદાર જગ્યા ઉપર ગોઠવાઈ ગયા અને ન ગોઠવાયા હોય તો જ્યાં છે ત્યાંથી એલ.સી.બી. અને એસ.ઓ.જી.નો વહીવટ કરી રહ્યા છે. શામળાજી પોલીસ દર મહિને કરોડો રૂપિયાનો વિદેશી શરાબ ઝડપી શકતી હોય તો અરવલ્લી એલ.સી.બી.એ તેના કરતાં ૫ થી ૬ ગણો વિદેશી દારૂ ઝડપી લેવો જોઈએ પરંતુ તેવું બનતું નથી તેની પાછળ વામન કદના વહીવટદારનો મોટો રોલ હોવાની છેલ્લા બે પખવાડીયાથી ચર્ચા છેડાઈ છે. કહેવાય છે કે વહીવટદારે મોડાસા, ધનસુરા, માલપુર, બાયડ અને ભિલોડામાં દારૂના નવા સ્ટેન્ડ ખોલાવી દીધા છે. હપ્તાની રકમ વધારવા માટે અવનવા દાવપેચ પણ શરૂ કર્યાની ચર્ચા છે.

### ગઢા ગામના વહીવટદારનો અનોખો રોંફ, નાના કર્મચારીઓ સલામ માટે

બાયડ : જિલ્લા પોલીસમાં ગઢા ગામના વહીવટદારનો અનોખો રોંફ હોવાની ગરમાગરમ લોકચર્ચા છે. કહેવાય છે કે વહીવટદાર દર મહિનાની ચોક્કસ તારીખે સાલીયાણું ઉઘરાવવા માટે નિકળી જાય છે. બુટલેગરો અને તેના કેરિયરોને બસ સ્ટેન્ડ તેમજ નજીકમાં આસપાસ કોઈ કેમેરા ન હોય તેવા સ્થળે બોલાવી ગણતરીની મીનીટોમાં રવાના થઈ જાય છે. નાના કર્મચારીઓ વહીવટદારને જોઈને જાણે કે મોટા પોલીસ અધિકારી ન આવ્યા હોય તે રીતે સલામ મારતા પણ કેટલાક લોકોએ જોયા છે.

## ધનસુરા પોલીસ સ્ટેશનમાં ૩ જેટલા કર્મીઓને કોરોના પોઝિટિવ

ધનસુરા માં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે એવામાં પોલીસ સ્ટેશનના ૩ જેટલા પોલીસકર્મીઓનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પોઝિટિવ આવતા તમામ પોલીસ કર્મીઓ હોમક્વોરનટાઈન થયા છે તો સાથે રેપિડ ટેસ્ટમાં કોરોના પોઝિટિવ આવી રહ્યા છે ધનસુરામાં રેપિડ ટેસ્ટમાં છેલ્લા બે દિવસમાં ૧૦થી વધુ લોકો પોઝિટિવ આવ્યા છે.

હાલમાં કોરોના સંક્રમણ અટકાવવા તંત્ર એ કમર કસી છે ધનસુરા તાલુકામાં વડાગામ, ધનસુરા, શીકા, ધામણીયા ૪ જગ્યાએ આઈસોલેટેડ વોર્ડ શરુ કરવામાં આવ્યા છે અને ધનસુરા સી.એચ.સી ખાતે કોવિડ સેન્ટર શરુ કર્યું છે સાથે પીએચસી અને સીએચસી પર રસીકરણ પણ શરુ છે હાલમાં કોરોનાનું સંક્રમણ ઘટાડવા તંત્ર ધ્વારા વિવિધ કાર્ય કરાઈ રહ્યા છે તો ધનસુરા સહિત વિવિધ ગામોમાં બપોર બાદ સ્વૈછિક લોકડાઉન પણ કરવામાં આવ્યા છે.

## બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ગોવિંદભાઈ દેશમુખની નિયુક્તિ

### ૬ તાલુકામાં હવે માત્ર ૩ ટી.પી.ઓ.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧
રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષકોને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે વર્ગ-૨ માં બઢતી આપી બદલીના આદેશ કરવામાં આવ્યા છે. રાજ્યના કુલ-૧૫૫ મદદનીશ કેળવણી નિરીક્ષકોને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે. બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ગોવિંદભાઈ નરસિંહભાઈ દેશમુખની નિયુક્તિ કરવામાં આવી છે તે અગાઉ બનાસકાંઠા જિલ્લામાં મદદનીશ કેળવણી નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા.

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં અત્યાર સુધી માત્ર ૩ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓના માથે જવાબદારી હતી તાજેતરમાં જ કોરોનાના કારણે માલપુર-બાયડના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ.તરાલનું દુ:ખદ નિધન થયું હતું જેથી ૬ તાલુકામાં માત્ર બે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના માથે જવાબદારી આવી હતી. રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક દ્વારા ૧૫૫ મદદનીશ કેળવણી નિરીક્ષકોને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે બઢતી અપાતાં અરવલ્લી જિલ્લાના નવા ૪ ટી.પી.ઓ.ની નિયુક્તિ થશે તેવી સંભાવના હતી પરંતુ માત્ર બાયડ તાલુકામાં જ નિયુક્તિ કરાતાં ૬ તાલુકામાં હવે માત્ર ૩ ટી.પી.ઓ. ઉપર શિક્ષકો ઉપરાંત શિક્ષણના વહીવટની જવાબદારી આવી છે.

## દુ:ખદ અવસાન


બાયડ : મહેસાણા જિલ્લાના સુદાસણા ગામના જીતેન્દ્રસિંહ પરમાર અને દિનેશસિંહ પરમાર (પૂર્વ પ્રમુખ : સતલાસણા તાલુકા કોંગ્રેસ સમિતિ)ના માતૃશ્રી રેવાબા જોરાવરસિંહજી પરમારનું નિધન થયેલ છે.

•••


બાયડ : મેઘરજના જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ભાટીયા (સ્ટેમ્પ વેન્ડર)ના પત્નિ પ્રેમિલાબેન ભાટીયાનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે માત્ર ટેલિફોનિક બેસણું ૧૯ મે., બુધવારના રોજ સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે.

•••


બાયડ : બાયડના હર્ષદભાઈ રાવલ, કલ્પેશભાઈ રાવલ (ફોરમ રેડીમેઈડ સ્ટોર્સ-બાયડ)ના મોટાબાપા નારાયણદાસ વલ્લભરામ રાવલ (રહે.ગેરીતા, હાલ રહે. અમદાવાદ)નું નિધન થયેલ છે.

•••


બાયડ : બાયડના અયોધ્યાનગર વિસ્તારમાં રહેતા અશોકભાઈ અરોડા, વિજયભાઈ અરોડા, શશીભાઈ અરોડા, શમ્મીભાઈ અરોડાનાં માતા રાજરાણી કલ્યાણદાસ અરોડાનું નિધન થયેલ છે.

•••


બાયડ : બાયડ તાલુકાના ડેમાઈ ગામના નિલેષભાઈ પટેલ(પ્રા.શિક્ષક) અને સ્વ.રાહુલભાઈ પટેલના પિતા, ધી ડેમાઈ સેવા મંડફીના પૂર્વ ચેરમેન ભીખાભાઈ ગોવિંદભાઈ પટેલનું નિધન થયેલ છે.

## ધનસુરા તાલુકામાં વધુ ૪ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા

કલેક્ટરએ આ વિસ્તારોમાં ૮ મે થી ૨૨ મે સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે.

ધનસુરા તાલુકા માં વધુ ૪ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે કલેકટરએ આ વિસ્તારોમાં ૮ મે થી ૨૨ મે સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે તાલુકા માં કોરોના નું સંક્રમણ વધે નહી તે માટે વધુ ૪ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે

૧-બંસીધર સોસાયટી ધનસુરા, ૨- શીકા ધનસુરા, ૩- પોયડા ગામ ધનસુરા, ૪-કંજરી કંપા નો સ્વામિનારાયણ મંદિર પાસેનો વિસ્તાર

કલેક્ટરએ આ વિસ્તારોમાં ૮ મે થી ૨૨ મે સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે.

# કોરોના : ઉત્તર ગુજરાતમાં બોર્ડ પરીક્ષા આપનારા ૨.૮૫ લાખ વિદ્યાર્થીઓની મૂંઝવણ વધી

### એકાદ-બે દિવસમાં પરીક્ષાના આયોજન માટે ચર્ચા થવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧
ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર કોરોનાના કારણે ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા માર્ચ મહિનામાં નહીં યોજવાની પરંપરા તૂટી છે. કોરોનાનું સંક્રમણ વધતાં અગાઉ મે. મહિનામાં યોજાનારી પરીક્ષાઓ મુલત્વી રાખવાનો નિર્ણય લેવાયો. આ લખાય છે ત્યારે કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું છે. ઉત્તર ગુજરાતમાં બોર્ડ પરીક્ષા આપનારા ધો.૧૦-૧૨ ના ૨,૮૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ વારંવાર પરીક્ષા મુલત્વી રાખવી અને ક્યારે યોજાશે તેની અનિર્ણાયક્તાના કારણે મૂંઝવણ અનુભવી રહ્યા છે. સંભવ છે કે બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ ન રહી જાય તે માટે શિક્ષણ વિભાગ એકાદ-બે દિવસમાં પરીક્ષાના આયોજન માટે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લઈ શકે છે.

કોરોનાને હંફાવવા માટે રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયત્નો સરાહનીય છે. પરંતુ ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓના કેરીયર માટે અગત્યની છે. જેથી બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ અને તેના વાલીઓના મનમાં કેવી સ્થિતિ ઉદ્‌ભવતી હશે..?? તે સમજી શકાય છે. પરંતુ વૈશ્વિક મહામારી બનેલા કોરોનાના કારણે ગુજરાતમાં દરેક પ્રકારની સીસ્ટમ ઘોંચમાં પડી છે તે પછી ઔદ્યોગિક વિકાસ હોય, નાના-મોટા ઉદ્યોગોના વિકાસ હોય કે પછી સ્પર્ધાત્મક પરીક્ષા કે બોર્ડ પરીક્ષા હોય. આ તમામ વિભાગોમાં કોરોનાએ હલચલ મચાવી દીધી છે. કેટલોક સમુદાય એમ કહી રહ્યો છે કે કોઈપણ ભોગે બોર્ડની પરીક્ષા લેવી જોઈએ પરંતુ તે માટે ઓછો અભ્યાસક્રમ અને એમ.સી.ક્યુ. આધારીત પ્રશ્નપત્ર હોવા જોઈએ જેથી ખુબ ઝડપથી પરિણામ આપી શકાય અને નવું શૈક્ષણિક સત્ર યોગ્ય સમયે શરૂ થાય. પરંતુ વર્તમાન સ્થિતિમાં એક પછી એક બે વખત બોર્ડ પરીક્ષાનું આયોજન ઠેલાયું અને હવે સ્થિતિ કોરોનાના કારણે શહેર કરતાં ગામડાઓમાં વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે આ સંજોગોમાં શહેરી વિસ્તાર કરતાં ગામડાઓમાં ધો.૧૦ અને ૧૨ ના બોર્ડ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા વધારે હોવાથી બોર્ડ પરીક્ષા યોજવા માટેનું સાનુકુળ વાતાવરણ છે ખરૂં..?? તેનું મનોમંથન કરવાનો સમય આવ્યો છે.

## ધનસુરામાં ગ્રામ પંચાયત દ્વારા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે

ધનસુરા માં ગ્રામ પંચાયત દ્વારા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. ૫૦૦૦ વ્યક્તિ બેસી શકે તેવો વિશાળ હોલ બનાવવામાં આવશે. ધનસુરા તળાવની પાળ ઉપર વિશ્વકર્મા મંદિર પાસે એક સાથે ૫૦૦૦ વ્યક્તિ બેસી શકે તેવો વિશાળ હોલ બનાવવામાં આવશે. આ હોલ જાહેર જનતા માટે બનાવવામાં આવશે. હાલમાં ધનસુરામાં જનતા માટે ગ્રામ પંચાયત દ્વારા તળાવની આસપાસ મિનિ રિવરફ્રન્ટ પ્રમાણે ચાલવા માટે વ્યવસ્થા, ગાર્ડન, પરબડીથી બગીચા તરફનો રોડ, ગામના બગીચામાં વિવિધ વ્યવસ્થાઓ કરાઈ છે. જેનાથી લોકોને ફાયદો થયો છે ત્યારે આ ૫૦૦૦ વ્યક્તિઓનો વિશાળ હોલ બનતા ગામ લોકોને વધુ એક ફાયદો થશે અને ગામના વિકાસમાં વધુ એક કાર્ય થશે.

# અરવલ્લીની પ્રાથમિક શાળાઓમાં ૭ જગ્યાઓ માટે વિકલ્પ કેમ્પ યોજાયો

### કોરોનામાં વિકલ્પ કેમ્પ યોજાતાં પ્રા.શિક્ષકોમાં નારાજગી, ૭૫માંથી માંડ ૧૫ પ્રા.શિક્ષકો ઉપસ્થિત રહ્યા

બાયડ તા.૧૧
અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮ માં જવા માટે વિકલ્પ કેમ્પ સોમવારે મોડાસા બી.આર.સી. ભવનમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સમગ્ર જિલ્લાના ૬ તાલુકામાં માત્ર ૭ જગ્યાઓ હતી તે પૈકી ગણિત-વિજ્ઞાનની ૩ જગા ઉપર કોઈએ દાવેદારી નોંધાવી નથી જેથી માત્ર ૪ જગાઓ માટે બોલાવવામાં આવેલા ૭૫ પ્રા.શિક્ષકોમાંથી માંડ ૧૫ પ્રા.શિક્ષકો ઉપસ્થિત રહ્યા છે. કોરોનામાં વિકલ્પ કેમ્પ યોજાતાં કેટલાક પ્રા.શિક્ષકોએ પોતાની અંગત નારાજગી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત એટલે કે સ્નાતક/પી.ટી.સી. અથવા સ્નાતક બી.એડ્. ધરાવતા વિદ્યા સહાયક / પ્રા.શિક્ષકને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ માં જવું હોય તો તેમના માટે વિકલ્પ કેમ્પનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવલ્લી દ્વારા આયોજન કરાયું હતું. કોરોનાના કારણે કોવિડ-૧૯ ની ગાઈડલાઈનનો ભંગ ન થાય તે માટે દરેક તાલુકાના પ્રા.શિક્ષકોને ૧-૧ કલાકના સ્લોટ મુજબ બોલાવવામાં આવ્યા હતા. જિલ્લાના બાયડ, મોડાસા, મેઘરજ અને ભિલોડામાં ૭ જગ્યાઓ ખાલી હતી જેમાં ગણિત-વિજ્ઞાન-૩, સામાજીક વિજ્ઞાન-૩ અને ભાષાની ૧ જગ્યા હતી તે પૈકી ગણિત-વિજ્ઞાન માટે કોઈ પ્રા.શિક્ષકે વિકલ્પ કેમ્પમાં સામેલ થવાની સંમતિ દર્શાવી ન હતી જેના કારણે માત્ર ૪ ખાલી જગ્યાઓ માટે વિકલ્પ કેમ્પ યોજાયો જેમાં બપોરના ૧૨-૩૦ સુધીમાં બોલાવવામાં આવેલા ૭૫ પ્રા.શિક્ષકોમાંથી માત્ર ૧૫ પ્રા.શિક્ષકો કેમ્પમાં ઉપસ્થિત રહ્યાનું જાણવા મળ્યું છે.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ : ૨૦૨૧-૨૨
ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાની કામગીરી માટે એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL-1 2021-22 | Sesign, Engineering, Supply, Installation, Testing, Commissioning, Synchronizing With The Grid of Grid Connected Rooftop Solar PV Systems On Capex Model Net Metering Basis On The Roofs of Identified Locations In Gandhinagar Municipal Corporation Area And Operation And Comprehensive Maintenance Of The Same For 10 (Ten) Years Including Defect Liability PerioO of 5 Years (Phase II) | રૂ. ૬,૦૦૦.૦૦ | રૂ. ૩,૦૦,૧૧૨.૦૦ |

ટેન્ડર ફોર્મ તા. ૫-૫-૨૦૨૧ થી તા. ૨૬-૫-૨૦૧ સુધી સમય ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨-૬-૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન બીડ ઓપનીંગ તા. ૩-૬-૨૦૨૧ પછી રાખવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૩-૫-૨૦૨૧
માહિતી/૧૮૦/૨૧-૨૨

સહી/-
ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લીમીટેડ

**KALPA-TARU®**
**POWER TRANSMISSION LIMITED**
**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 **CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

**Extract of Audited Financial Results for the Quarter and Year Ended March 31, 2021**

(₹ in Crores)

| Sr. No. | Particulars | Standalone | | | | Consolidated | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year Ended | | Quarter ended | | Year Ended | |
| | | March 31, 2021 | March 31, 2020 | March 31, 2021 | March 31, 2020 | March 31, 2021 | March 31, 2020 | March 31, 2021 | March 31, 2020 |
| 1. | Total Income from Operations | 2,337 | 2,303 | 7,671 | 7,904 | 4,086 | 3,527 | 12,949 | 12,676 |
| 2. | Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 201 | 185 | 663 | 642 | 283 | 88 | 735 | 644 |
| 3. | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 201 | 185 | 831 | 666 | 283 | 95 | 945 | 648 |
| 4. | Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 130 | 107 | 615 | 463 | 187 | 13 | 662 | 390 |
| 5. | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 133 | 95 | 631 | 439 | 182 | (18) | 672 | 351 |
| 6. | Equity Share Capital (Face Value of ₹. 2 each) | 30 | 31 | 30 | 31 | 30 | 31 | 30 | 31 |
| 7. | Other Equity (excluding Revaluation Reserve) | | | 3,833 | 3,505 | | | 3,709 | 3,327 |
| 8. | Earnings Per Share of ₹. 2 each (not annualised) (₹.) (for continuing and discontinued operations) | | | | | | | | |
| | a) Basic | 8.73 | 6.92 | 40.57 | 30.02 | 11.68 | 2.00 | 44.25 | 25.25 |
| | b) Diluted | 8.73 | 6.92 | 40.57 | 30.02 | 11.68 | 2.00 | 44.25 | 25.25 |

**Notes :**
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com.**
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 11, 2021. The same have also been subjected to audit by the Statutory Auditors.
3 Kalpataru Power DO Brasil Participações Ltda. ("KPBPL"), wholly owned subsidiary of the Company has signed definitive agreement(s) on February 5, 2021 to acquire controlling stake of 51% in Fasttel Engenharia Ltda.,Brazil ("Fasttel"). KPBPL completed the acquisition of 51% stake along with management control on April 7, 2021.
4 Exceptional item for the year: The Company has entered in to Share Purchase and Shareholders Agreement dated July 5, 2020 ("the Agreement") with Adani Transmission Limited ('the Buyer') for sale of its entire equity stake in Alipurduar Transmission Limited ('ATL'). After obtaining requisite approvals and fulfillment of certain condition precedent, the Company on November 26, 2020 has transferred 49% equity stake and also transferred the control to the Buyer as per contractual rights under the agreement. The balance 51% equity stake will be transferred after obtaining requisite approvals, accordingly, Company has recognized gain of ₹. 202 crores (net of expenses) in relation to transfer of 49% equity stake and fair value gain relating to retained 51% equity stake in ATL in accordance with Ind AS 110 "Consolidated Financial Statements" and Ind AS 109 "Financial Instruments" respectively. Consequent to the transfer of control and as per the requirement of Ind AS 110, financial statements of ATL have not been consolidated with the company from the said date. On October 5, 2020, the Company has completed the sale of its entire stake in Jhajjar KT Transco Private Limited (JKTPL) and it ceases to be the Joint venture of the Company. Consequently, the Company has recognized a gain (net of expenses) of ₹. 8 crores.
5 The Board of Directors has recommended a dividend of ₹. 1.5 per Equity share of ₹. 2 each of the Company for the financial year 2020-21.
6 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

Place : Mumbai
Date : May 11, 2021

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.